**એ.ટી.ડી.અને ફાઇન આર્ટસના કોર્ષ માં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતમાં સુધારા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક : ઉકસ/૧૦૦૮/૨૯૭૨/ગ ૧.**
સચિવાલય, ગાંધીનગર,
**તારીખ : ૦૧-૦૬-૨૦૧૨**

**<u>વંચાણે લીધા :-</u>**

(૧) શિ.વિ.નો તા ૫/૫/૮૮ ના ઠરાવ ક્રમાંક-ઉકસ-૧૦૮૭/૫૨૩૪૫/ગ૧.
(૨) શિ.વિ.નો તા ૪/૭/૯૮ ના ઠરાવ ક્રમાંક-ઉકસ-૧૦૯૮/૫૧૨/ગ.૧.
(૩) શિ.વિ.નો તા ૩૧/૫/૦૩ નો પત્ર ક્રમાંક-ઉકસ-૧૦૨૦૦૧/૧૫૪૫/ગ૧.
(૪) શિ.વિ.નો તા ૧૭/૭/૦૪ ના ઠરાવ ક્રમાંક-ઉકસ-૧૦૨૦૦૧/૧૫૪૫/ગ૧.
(૫) શિ.વિ.નો તા ૩૦/૭/૦૯ ના ઠરાવ ક્રમાંક-ઉકસ-૧૦૦૯/૧૭૧૭/ગ૧.
(૬) કમિશનરશ્રી,શાળાની કચેરીનો તા.૮/૫/૨૦૧૨ નો પત્ર ક્રમાંક ૮૯ /વિશિષ્ઠ સંસ્થા/૨૦૧૨-૧૩/૭૭૩.

**<u>ઠરાવ :-</u>**

રાજ્યની માન્ય બિનસરકારી કલા સંસ્થાઓમાં મંજૂર થયેલી એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ ડિપ્લોમાની બેઠકો સામે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યાને ધ્યાને લેતાં વંચાણે લીધેલ ક્રમ-(૬) સામે દર્શાવેલ તા.૮/૫/૧૨ ના પત્રથી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ એ.ટી.ડી.અને ફાઇન આર્ટસના કોર્ષ માંપ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતમાં સુધારા કરવા અંગેની દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે જુન-૨૦૧૨ થી શરૂ થતાં એ.ટી.ડી. અને ફાઇન આર્ટસ ડિપ્લોમાના અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| **શિક્ષણ વિભાગના તા. ૩૧/૫/૦૩ નાપત્ર અને તા. ૧૭/૭/૦૪ ના ઠરાવ થી નિયત થયેલ એ.ટી.ડી.માં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતની હાલની જોગવાઇ.** | **એ.ટી.ડી.માં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાત ની સુધારેલ જોગવાઇ.** |
|---|---|
| (૧) ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડની (ધો-૧૨) ઉ.મા.શાળાંત પરીક્ષા પાસ અથવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન કે કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન નવી દિલ્હી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રીય શાળાઓ / ઉ.મા શાળાઓમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પરીક્ષા (ધો-૧૨) પાસ કરેલ હોવી જોઇએ. | (૧) ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ ઉ.મા.શાળાંત પરીક્ષા પાસ અથવા સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન કે કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન નવી દિલ્હી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રીય શાળાઓ / ઉ.મા શાળાઓમાંથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓની પરીક્ષા ધોરણ-૧૨ પાસ કરેલ હોવી જોઇએ. |

| | |
|---|---|
| (૨) ઉપરાંત ધો-૧૦ અથવા ધો-૧૨ ચિત્ર વિષય સાથે પાસ કરેલ હોવુ જોઇએ અથવા રાજ્ય પરીક્ષા બોર્ડ ની માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા ( ઇન્ટરમીડીયેટ) પાસ કરેલ હશે તે વિદ્યાર્થીઓ પ્રવેશ પાત્ર ગણાશે. | ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા ચિત્રકામના વિષય સાથે પાસ કરેલ હોય અથવા રાજ્ય પરીક્ષા બોર્ડની માધ્યમિક ચિત્રકામ કક્ષાની ઇન્ટરમીડીયેટ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને એટીડી અભ્યાસક્રમમાં પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે. |
| શિક્ષણ વિભાગના તા.૩૧/૫/૦૩ના પત્ર થી નિયત થયેલ ફાઇન આર્ટસમાં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતની હાલની જોગવાઇ. | ફાઇન આર્ટસ પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતની સુધારેલ જોગવાઇ. |
| (૧) ફાઇન આર્ટસ એપ્લાઇડ, પેઇન્ટીંગ અને શિલ્પ વિભાગમાં તાલીમ માટે પ્રવેશ લાયકાત તરીકે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધો-૧૦ માધ્યમિક શાળાંત પરીક્ષા પાસ અથવા સેન્ટ્રલ સેકન્ડરી એજ્યુકેશન નવી દિલ્હી કે કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રીય શાળાઓમાંથી માધ્યમિક શાળાંત પરીક્ષા ધોરણ-૧૦ પાસ કરેલ હોવી જોઇએ.<br>(૨) માધ્યમિક શાળાંત ધોરણ-૧૦ પરીક્ષા ચિત્ર વિષય સાથે પાસ કરેલ હોવી જોઇએ અથવા ધોરણ-૧૦ પાસ ઉપરાંત રાજ્ય પરીક્ષા બોર્ડની માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા (ઇન્ટરમીડીયેટ) પાસ કરેલ હોવી જોઇએ. | (૧) ફાઇન આર્ટસ એપ્લાઇડ, પેઇન્ટીંગ અને શિલ્પ વિભાગમાં તાલીમ માટે પ્રવેશ લાયકાત તરીકે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પરીક્ષા પાસ અથવા સેન્ટ્રલ સેકન્ડરી એજ્યુકેશન નવી દિલ્હી કે કાઉન્સીલ ઓફ ધી ઇન્ડીયન સ્કુલ સર્ટીફીકેટ એકઝામીનેશન નવી દિલ્હી દ્વારા લેવાયેલ ગુજરાત રાજ્યમાં આવેલ માન્ય કેન્દ્રીય શાળાઓમાંથી માધ્યમિક શાળાંત પરીક્ષા ધોરણ-૧૦ પાસ કરેલ હોવી જોઇએ.<br>ધોરણ-૧૦ ચિત્રકામના વિષય સાથે પરીક્ષા પાસ કરેલ હોય અથવા રાજ્ય પરીક્ષા બોર્ડની માધ્યમિક ચિત્રકામ કક્ષાની ઇન્ટરમીડીયેટ પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને ફાઇન આર્ટ્સ અભ્યાસક્રમમાં પ્રવેશમાં અગ્રતા આપવાની રહેશે. |

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૧), (૨), (૩) અને (૪) સામે દર્શાવેલ ઠરાવો / પત્રોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એન.ડી.હળપતિ)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી(શિ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, ઉ.શિ/ટે.શિક્ષણ ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ડો,જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સબંધિત કલા સંસ્થાઓ (કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- મેનેજરશ્રી,ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન,ઘ-૪,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી કોમ્પુટર સેલ,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારૂ)
- ના.સે.અધિકારીશ્રી ની પસંદગી ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.